<u>રે.દી.મુ. નં.૦૪/૧૯</u>

## <u>આંક–૧ નીચે હુકમ</u>

સદર દાવાનુ સમગ્ર રેકર્ડ વંચાણે લેતાં આ કામે વાદીએ પ્રતિવાદી વિરુદ્ધ ડેક્લેરેશન તથા બાનાખત કરાર રદબાતલ જાહેર કરવા અન્વયેનો દાવો દાખલ કરતાં આ કામના પ્રતિવાદીને નોટીસ કરતાં પ્રતિવાદી તેમના વિ.વ.શ્રી મારફતે હાજર રહી દાવાનો જવાબ રજુ રાખેલ છે. ત્યારબાદ દાવાના કામે પ્રતિવાદી તરફે સી.પી.સી.ઓર્ડર–૭, રૂલ–૧૧ની અરજી રજુ કરતાં દાવાના પક્ષકારોને સાંભળ્યા બાદ અદાલત દ્વારા પ્રતિવાદીની સદર અરજી નામંજુર કરવામાં આવેલ અને આંક–૨૨થી દાવાના કામે મુદ્દા ઘડવામાં આવેલ. ત્યારબાદથી સદર દાવાનુ કામ વાદીના પુરાવા રજુ કરવા માટે આવેલ. પરંતુ વાદી પોતે કે તેમના વિ.વ.શ્રી મારફત હાજર રહેલ નથી કે તે સબબ પુરાવો રજુ કરવા કોઈ મુદત અરજી આપેલ નથી જેથી સ્પષ્ટ જણાઈ આવે છે કે વાદી પુરાવો રજુ કરવા કોઈ રસ નથી તેવુ રેકર્ડ ઉપરથી ફલીત થાય છે. વધુમાં આ પ્રકારે વાદી/વિ.વ.શ્રીની સતત ગેરહાજરીના કારણે દાવાની કાર્યવાહી વિના કારણસર લંબાઈ રહેલ છે અને જેના કારણે કોર્ટનો કિંમતી સમય તથા સરકારી મશીનરીનો અકારણ વ્યય થતો હોવાનુ જણાઈ આવે છે જેથી આવા સંજોગોમાં વાદી કે તેમના વિ.વ.શ્રીને દાવો ચલાવવા ન્યાયના હિતમાં વધુ સમય આપવાનુ યોગ્ય કે વાજબી જણાઈ આવતુ ન હોય વાદીની સતત ગેરહાજરીના કારણે હાલની દાવા અરજી અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે .

## :: આખરી હુકમ ::

વાદીનો હાલનો દાવો તેઓની ગેરહાજરીના કારણે કાઢી નાંખવાનો એટલે કે ડિસમીસ ફોર ડીફોલ્ટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ: ૦૫મી, માહે જુલાઈ, સને.૨૦૨૨ ના રોજ વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૦૫ / ૦૭/૨૦૨૨
સ્થળ : પ્રાંતીજ.

( ડી.એમ.પંડ્યા)
એડીશ્નલ સીવીલ જજ
જી.જે.૦૧૨૯૦